Seat No. : ______________

# FA-94

**March-2007**

## Persian (F.S.)

**Paper-II**

**Time : 3 Hours]** **[Marks Regular : 70**
**[Marks External : 100**

**સૂચના :** **બધા** પ્રશ્નોનાં ગુણ સરખા છે.

૧. ફારસી ગદ્યનાં પ્રકારો વર્ણવી અર્વાચીન ફારસી ગદ્ય વિશે ટૂંકનોંધ લખો.

**અથવા**

આધુનિક ઈરાનની રાજકીય, સાહિત્યિક અને સામાજિક પરિસ્થિતિ વર્ણવો.

૨. 'સિયાહતનામા'નાં લેખકનો જીવન પરિચય આપો.

**અથવા**

કોઈ **બે** વિશે ટૂંકનોંધ લખો :

(૧) ઈરાનીઓના પરદેશમાં વસવાનાં કારણો
(૨) ઇબ્રાહીમબેગનો રાષ્ટ્રપ્રેમ
(૩) 'સિયાહતનામા'નું ઐતિહાસિક મહત્વ
(૪) ફારસીનાં મહત્વનાં પ્રવાસ પુસ્તકો

૩. નીચેનાં પૈકી કોઈ **બે** ફકરાનું માધ્યમની ભાષામાં અનુવાદ કરો.

૪. નીચેનાં પૈકી કોઈ **પાંચ**ને પૂર્વાપર સંબંધ આપી સમજાવો :

૫. (અ) નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો : (કોઈ **સાત**)

(૧) અર્વાચીન ગદ્ય, પ્રાચીન ગદ્યનાં મુકાબલામાં ________ છે.

(મુશ્કેલ, સરળ, અલંકૃત)

(૨) ઈરાનમાં ________ વર્ષમાં રાજકીય ક્રાંતિ થઈ.

(૧૯૦૨, ૧૯૦૪, ૧૯૦૬, ૧૯૦૮)

(૩) હાજી ઝેનુલ આબેદીનનો જન્મ ________ શહેરમાં થયો હતો.

(તેહરાન, ઇસ્ફહાન, શીરાઝ, આઝર બાયજાન)

(૪) ઝેનુલ આબેદીન ઈરાન ત્યજી ________ દેશનાં નાગરિક બન્યાં.

(ઇરાક, મિસર, તુર્કી, રશિયા)

(૫) 'સિયાહતનામા'ની રચના ________ વર્ષમાં થઈ.

(૧૮૭૦, ૧૮૮૮, ૧૮૯૦)

(૬) સિયાહતનામાનો પ્રથમ ભાગ ________ થી પ્રસિદ્ધ થયો.

(કલકત્તા, મુંબઈ, કેરો, ઇસ્તંબુલ)

(૭) ________ પુસ્તકે ઈરાનની ક્રાંતિમાં મોટો ભાગ ભજવ્યો.

(સિયાસતનામા, સફરનામા, સિયાહતનામા)

(૮) સફરનામએ નાસિર ખુસરવનાં લેખક ________ છે.

(નાસિર ખુસરવ, અમીર ખુસરવ, નિઝામુલ મુલ્ક)

(૯) ઇબ્રાહીમબેગનાં શિક્ષકનું નામ ________ છે.

(હાજી કરીમ, હાજી યાવર, મિર્ઝા યૂસુફ)

(૧૦) ઇબ્રાહીમબેગ હાજી કરીમને ________ લીરા આપે છે.

(૧૦, ૧૫, ૨૦)

(બ) કોઈ **સાત** નાં જવાબ આપો :

(૧) 'સિયાહતનામા'નો બીજો અને ત્રીજો વિભાગ ક્યાંથી પ્રસિદ્ધ થયો ?

(૨) 'સિયાહતનામા' લખવા પાછળ લેખકનો હેતુ શો હતો ?

(૩) ઇબ્રાહીમબેગનાં પિતા કયા શહેરમાંથી આવીને ઈજીપ્તમાં વસે છે ?

(૪) પ્રવાસ દરમિયાન ઇબ્રાહીમબેગ કયા કયા શહેરોની મુલાકાત લે છે ?

(૫) ઇબ્રાહીમબેગનાં પુસ્તકાલયમાં કયા પુસ્તકોની નકલો જોવા મળે છે ?

(૬) અર્વાચીન ફારસીનાં પ્રખ્યાત ગદ્ય લેખકોનાં નામ શું છે ?

(૭) સરગુઝશ્તે હાજી બાબા ઇસ્ફહાનીનાં અનુવાદક કોણ હતાં ?

(૮) ઇબ્રાહીમબેગનાં પિતાએ તેને કેવા પ્રકારનાં લોકોથી દૂર રહેવાની શિખામણ આપી ?

(૯) દાન કરવા વિશે ઇબ્રાહીમબેગનાં પિતાએ શું વસિયત કરી ?

(૧૦) કયા સ્થળની મુલાકાતથી ઇબ્રાહીમબેગ પ્રસન્ન થાય છે ?